# પ્રાંતિજ ખાતે પરેશ ધાનાણી દ્વારા કોંગ્રેસ કાર્યાલયો ખુલ્લા મુકાયા

## નગરજનોને પાલિકામાં કોંગ્રેસને જીતાડવા અપીલ : નગરપાલિકામાં કોન્ટ્રાક્ટરો નહી પણ કોર્પોરિટરોને વોટ આપવા જણાવ્યું હતું

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે નગરપાલિકાની ચુંટણીને લઈને વિધાનસભાના એડીચોટીનું જોર લગાવશે ત્યારે સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે પણ કોંગ્રેસ દ્વારા પાલિકા પોતાનાં હસ્તક કરવાં એડી ચોટીનુ જોર લગાવી મુક્યા હતાં. તો પરેશ ધાનાણીએ પ્રાથમિક સુવિધાઓને લઈને ભાજપ હસ્ત પાલિકા ઉપર કટાસ કર્યા હતાં અને પ્રાંતિજના



વિરોધપક્ષના નેતા પરેશધાનાણી દ્વારા પ્રાંતિજમાં કોંગ્રેસ કાર્યાલયોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

ગુજરાતમાં ૭૫ જેટલી જગ્યાએ નગરપાલિકાની ચુંટણીની જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે અને ભાજપ-કોંગ્રેસ દ્વારા આ વખતે પાલીકા પોતાનાં હસ્તક કરવાં રહી છે અને પાલિકાની ચુંટણીમા માત્ર ૧૧ દિવસ જ બાકી છે ત્યારે કોંગ્રેસ દ્વારા ચુંટણી પ્રચારની સાથે વિવિધ વિસ્તારોમાં પોતાનાં કાર્યાલયોને આજે કોંગ્રેસના યુવા નેતા અને વિધાનસભાના વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી દ્વારા પટ્ટી કાપીને કાર્યાલયોને ખુલ્લાં નગરજનોને આ વખતે કોંગ્રેસની પાલિકા બનાવવા અપીલ કરી હતી તો આ પ્રસંગે માજી ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જીલ્લા પ્રમુખ મણીભાઈ પટેલ, રેખાબેન સોલંકી, સી.કે.પટેલ તથા નગરપાલિકાના ઉમેદવારો કોંગ્રેસ કાર્યકરો સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.





**મોડાસાની સ્વાગત રેસ્ટોરન્ટમાં શોર્ટસર્કિટથી આગ લાગતા ફર્નિચર સહીત સામગ્રી ખાખ**

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના શામળાજી રોડ પર આવેલા ડીપ વિસ્તારમાં આવેલી સ્વાગત રેસ્ટોરન્ટમાં મંગળવારે વહેલી સવારે શોર્ટ-સર્કિટથી આગ લાગતા ધુમાડાના ગોટેગોટા નીકળતા આજુબાજુમાં રહેલી દુકાનદારોએ રેસ્ટોરન્ટના માલિકને જાણ કરતા તાબડતોડ દોડી આવી નગરપાલિકા ફાયર ફાયટરને જાણ કરતા ફાયરબ્રિગેડની ટીમે ઘટનાસ્થળે દોડી આવી ભારે જહેમતી બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. રેસ્ટોરન્ટમાં રહેલું ફર્નિચર, ઈલેક્ટ્રોનિક ઉપકરણો સહીત લાખ્ખો રૂપિયાની સાધન સામગ્રી બળીને ખાખ થઈ જતા ભારે નુકશાન પહોંચ્યુ હતુ.

# ઊંઝાના કંથરાવી ગામે અન્નક્ષેત્ર સેવાધામ બન્યુ

ઊંઝા, તા. ૬

ઊંઝા તાલુકાના કથરાવી ગામે ગામના એક સેવાભાવી સદ્‌ગૃહસ્થના શુભ આશયથી શરૂ થયેલ અન્નક્ષેત્ર ગરીબ, નિરાધાર, દરિદ્રનારાયણો માટે સાચે જ આધારરૂપ બનેલ છે.

ઊંઝા તાલુકાના કંથરાવી ગામના યુવાન સેવાભાવી સદ્‌ગૃહસ્થ નરસિંહભાઈ પટેલને છેલ્લા કેટલાક વર્ષો પૂર્વે ગામના તેમજ આસપાસના ગામોના ગરીબ, નિરાધાર, નિસંતાન, વૃદ્ધો, દરિદ્રનારાયણો માટે બે ટંક ભોજનની સમસ્યાના નિરાકરણ માટે અન્નક્ષેત્ર શરૂ કરવાનો વિચાર આવ્યો અને આ સદ્‌કાર્યને ઝડપથી શરૂ કરવા માટે બિડુ ઝડપ્યું. તેમણે અન્નક્ષેત્ર શરૂ કરવા માટે ગામના તળાવ પાસે શ્રી રામદેવપીર મંદિરની જગ્યા પસંદ કરી ઝડપથી આમાં અન્નક્ષેત્રની શરૂઆત કરી. જેનો છેલ્લા આઠેક વર્ષથી વિકાસ થતો જાય છે. આ અન્નક્ષેત્ર સાચા અર્થમાં નિરાધારોનો આધાર બની ગયુ છે. શારિરીક અશક્ત, બિમાર, નિરાધાર, દરિદ્રનારાયણોને બે ટાઈમ ભોજની વ્યવસ્થા તેઓના ઘરે બેઠાં જ મળી રહે તે માટે રીક્ષા મારફતે ટિફિન સેવા શરૂ કરવામાં આવી છે. અન્નક્ષેત્રમાં સવારે અને સાંજે બે ટાઈમ ગરમાગરમ શુદ્ધ સાત્વિક ભોજન બનાવાય છે. જેનો લાભ કંથરાવી સહિત આસપાસના કેટલાક ગામોના નિરાધારોને વિનામુલ્યે મળે છે.

કહેવત છે કે, જ્યાં ટૂકડો ત્યાં હરિ ઢૂકડો. અન્નદાન મહાદાનના સૂત્રને સાર્થક કરવા માટે અન્નક્ષેત્રના વિકાસ માટે જરૂરી તમામ સગવડો ઉભી કરવામાં આવી છે. બે ટંકના ભોજન માટે રસોઈયાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

કંથરાવીના સેવાભાવી સદ્‌ગૃહસ્થ નરસિંહભાઈ પટેલનો આ અન્નક્ષેત્રના સંચાલનમાં સિંહફાળો રહ્યો છે. આ પુણ્યકાર્યને આગળ ધપાવવા માટે તન મન ધનથી સક્રિય બનીને સેવાકાર્ય કરી રહ્યા છે.

# ઊંઝાના ભરચક વિસ્તારમાં મહિલાનો સોનાનો દોરો ખેંચાયો

આજે ઊંઝા શહેરના ભરચક વિસ્તારમાં બાઈક પર આવેલ બે અજાણ્યા શખ્સો એક રાહદારી મહિલાના ગળામાંથી સોનાના દોરાની દિલધડક લૂંટ ચલાવીને ક્યાંક નાસી છૂટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતા સ્ત્રી વર્ગમાં ભયની લાગણી ફેલાઈ છે.


જાણવા મળ્યા મુજબ આજે સવારના સમયે ઊંઝા ખાતે માર્કેટયાર્ડના દરવાજા સામે મુખ્ય જાહેર રાજમાર્ગ પરથી એક મહિલા પગપાળા જઈ રહ્યા હતા ત્યારે વાહનો અને લોકોની હાજરીથી ભરચક એવા વિસ્તારમાં બાઈક પર પુરઝડપે આવેલ બે બાઈક સવારો પૈકી એક શખ્સે મહિલાના ગળામાં પહેરેલ સોનાના દોરાની દિલધડક લૂંટ કરી હતી. બાદ આ બંને અજાણ્યા શખ્સો પુરઝડપે બાઈક હંકારીને ક્યાંક નાસી ગયા હતા. સોનાના દોરાની લૂંટથી મહિલાને ગળાના ભાગે ઈજાઓ પણ થઈ હતી. શહેરના ભરચક એવા વિસ્તારમાં ગુનેગાર તત્વોની આવી હિંમત જોઈને આસપાસના દુકાનદારો પણ અવાક બની ગયા હતા. ઊંઝા શહેરમાં ધોળા દિવસે હવે ગુનેગાર તત્વો બેફામ બનીને ઘટનાને અંજામ આપી રહ્યા હોઈ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદ્દન ખાડે ગઈ છે.

# મોડાસાની રાજેન્દ્રનગર નજીક કારને પીક-અપ ડાલાએ ટક્કર મારતા કારચાલકનું ઘટનાસ્થળે મોત

મોડાસા, તા. ૬

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે. નં-૮ પર આવેલી રાજેન્દ્રનગર ચોકડી નજીક રોડ પર થી પસાર થતી કારને હોટેલ પરથી હાઈવે પર ચઢતા પીકઅપ ડાલાએ અડફેટે લેતા કાર પલટી ખાતા કાર ચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન કાર ચાલકનું મોત નિપજતા મોડાસા રૂરલ પોલીસે અકસ્માત સર્જી ફરાર પીકઅપ ડાલા વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાના રાજેન્દ્ર ચોકડી નજીક રવિવારે સાંજના ૬ વાગ્યાના સુમારે મીસરી હોટલ નજીક શામળાજી તરફથી આવતી એસેન્ટ કાર (ગાડી.નં-જીજે.૦૧.એચકે.૬૦૯૭)ને હોટલના કંપાઉન્ડમાંથી બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી એકાએક હાઈવે રોડ પર ચઢાવી એસેન્ટ કારને પીકઅપ ડાલુ (ગાડી.નં-જીજે.૧૩. ડબલ્યુ. ૦૨૮૭)ના ચાલકે જોરદાર ટક્કર મારતા એસેન્ટ કાર રોડ પર પલટી જતા કારચાલક પ્રવીણભાઈ હીરાભાઈ પટેલના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા



ઈજાગ્રસ્ત કાર ચાલકને સારવાર અર્થે દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજતા મૃતકના ભાઈ નરેશભાઈ હીરાભાઈ પટેલ (રહે.અમદાવાદ)ની ફરિયાદના આધારે મોડાસા રૂરલ પોલીસે પીકઅપ ડાલાના ચાલાક વિરુદ્ધ અકસ્માતે મોત નિપજાવવાનો ગુન્હો નોંધી ફરાર પીકઅપ ડાલાના ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# પ્રાંતિજના લાઘીયાના વડ પાસેથી કારની લૂંટ

હિંમતનગર, તા. ૬

પ્રાંતિજના લાઘીયાના વડ પાસેથી રવિવારે જઈ રહેલ કાર ચાલકને ઉતારી દઈ એક શખ્સ રૂ. ૧૦ લાખની કારની લૂંટ કરી ભાગી જતા તેની વિરૂદ્ધ સોમવારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે રવિવારે ગાંધીનગરના બ્રીજેશકુમાર મુકેશભાઈ શાહ કાર નં. જીજે.૧૮. એએક્સ.૬૪૨૧માં ત્રણ અજાણ્યા શખ્સો મુસાફર તરીકે બેસીને પ્રાંતિજના લાઘીયાના વડ પાસે આવ્યા ત્યારે ત્રણેય અજાણ્યા શખ્સોએ કારનો ઉભી રખાવી હતી. ત્યારબાદ બ્રીજેશકુમારને હથિયાર બતાવી તેમની પાસેથી રૂ. ૩૦૦૦ રોકડ, ૨૦૦૦ના મોબાઈલ, એટીએમ કાર્ડ અને કારના દસ્તાવેજો તથા રૂ. ૧૦ લાખની કારની ગમે તે કારણસર લૂંટ કરીને ભાગી ગયા હતા. જોકે આ ત્રણેય અજાણ્યા શખ્સોએ બ્રીજેશકુમારને રસ્તામાં ઉતારી દીધા હતા. જેથી તેમણે ત્રણેય અજાણ્યા શખ્સો વિરૂદ્ધ સોમવારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.



સાકરિયાપ-મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા ગૂણવંતસિહ સનસિહ સોલંકીની વયમર્યાદાન પૂરી થતાં તેઓનો વિદાય સમારંભમાં યોજાઈ ગયો. મોડાસાટાઉન પોલીસ સ્ટેશનમાં ગુણવંતસિહ ૧૯૮૧માં અમદાવાદમાં ભરતી પામી વટવા પોલીસસ્ટેશનમાં ફરજ બજાવી હતી. ત્યાબરબાદ સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં મહત્વના પોલીસ સ્ટેશનમાં નિષ્ઠાપૂવક ફરજ બજાવી હતી. જેઓ ૩૧-૧-૧૮ નારોજ નિવૃત થતાં મોડાસા ટાઉનપોલીસ સ્ટેશન ખાતે વિદાયસમારંભ રાખવામાં આવ્યો હતો ટાઉન પીઆઈ દિપક ભાટીયાએ મોમેન્ટો આપી નિવૃત કર્મીની સેવાઓને બિરદાવી હતી. આભારવિધી પીએસઆઈ ગઢવીએ કરેલ. આ કાર્યક્રમમા પોલીસ મિત્ર મોટી સંખ્યામાં હાજર રહેલા.

# નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા એક દિવસીય પ્રવાસ યોજાયો

ધનસુરા, તા. ૬

ધનસુરા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

મંડળના પ્રમુખ હસમુખભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ લકઝરી બસમાં ૫૦થી વધુ સભ્યોએ બેચરાજી, મોઢેરા, અર્બુદા જેવા ધાર્મિક સ્થળોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પ્રવાસનું સુંદર આયોજન પ્રમુખ, મંત્રી અને અન્ય હોદ્દેદારોએ કર્યુ હતુ.



પાલનપુર- ડીસા હાઈવે ઉપર સોમવારે રાત્રે કાર પલટી ગઈ હતી. જેમાં એક યુવક સહિત ૨ જણાને ઈજા થવા પામી હતી. પાલનપુર-ડીસા હાઈવે ઉપર પસાર થઈ રહેલી કારના ચાલકે કોઈ અગમ્યકારણોસર સ્ટેયરીંગ ઉપરનો કાબુ ગુમાવતાં કાર પલટી ગઈ હતી. આ અકસ્માતમાં કુશકલ ગામના સાગરભાઈ ઠાકોર સહિત ૨ વ્યક્તિઓને ઈજા થતા તેઓને ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડાયા હતા.

**નર્મદા મુદ્દે રાજકારણ રમતા**

# ભાજપ સરકારનું નર્મદા જળસંકટ ગુનાહીત બેદરકારી : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૬

ગુજરાતનાં ખેડૂતોનાં ઘરે નળમાં ઓઈલ – તેલ આવશે તેવી બડાશો હાંકી વડાપ્રધાન બનેલાં નરેન્દ્ર મોદીની ભાજપ સરકારે આ કિસાનપુત્રોનાં ખેતરોમાં નર્મદાનાં પાણીનું એક ટીપું પણ મળે નહીં તેવી ગંભીર જ નહીં, પરંતુ ગુનાહિત બેદરકારી દાખવી છે. આગામી એકાદ મહિનામાં જ ખેડૂતોસહિત ગુજરાતની જનતાનાં પાણી માટે પોકાર પડે તે પહેલાં ‘મા ગંગાને બુલાયા હૈ’ કહી વારાણસી જતાં રહેલાં પૂર્વ મુખ્યમંત્રી અને અત્યારનાં વડાપ્રધાનને ભાજપની રાજકીય જીવાદોરી સમાન નર્મદા મૈયાનાં સુકાઈગયેલાં નીર સામે જોઈ બે આસું પાડવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે લાગણીસભર અપીલ કરી છે.

કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે સીધો આરોપ મુકતાં જણાવ્યું છે કે, ભાજપ સરકારે ગુજરાતમાં ચૂંટણી જીતવાનાં સત્તા સ્વાર્થમાં માત્ર બે મહિનામાં જ ૧૨ મીટર નર્મદાનાં પાણી વેડફી કાઢ્યા છે. ગુજરાતનાં ખેડૂતો અને જનતા સાથેનું આ જળકપટ ગંભીર જ નહીં, પરંતુ ગુનાહીત બેદરકારી હોવાથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને એક દિવસ માટે પણ સત્તા ઉપર રહેવાનો અધિકાર નથી. નર્મદા મૈયાનાં નામે વારંવાર ઉત્સવો સહિત ગંદુ રાજકારણ રમતી ભાજપ સરકાર આજદીન સુધી કેનાલોનું નેટવર્ક પુરું કરી શકી નથી. ડેમનાં દરવાજા અને ઉંચાઈ માટે ગ્લોબલ પ્રચાર કરતી ભાજપ સરકારની અણઆવડત અને ગેરવહીવટનાં કારણે હયાત કેનાલોમાં વારંવાર ગાબડા પડી રહ્યાં છે. બનાસકાંઠા જેવાં પછાત – સૂકા વિસ્તારોમાં તો પૂર પાછળ નિષ્ફળતાઓ ઢાંકવાનો નિર્લજ પ્રયાસ કરાયો છે. આમ છતાં, ત્યાં હજુ સુધી કેનાલ રીપેરીંગ કરાઈ નથી.

નર્મદાને ગુજરાતનાં બદલે પોતાની રાજકીય ડ્રામાબાજી માટે જીવાદોરી બનાવનાર પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી નર્મદાથી ખેડૂતોનાં ઘરે નળમાં ઓઈલ – તેલ આવશે. એમ કહી વડાપ્રધાન તો બની ગયાં... પણ આજે ખેડૂતોને ઉનાળું પાકનું વાવેતર જ નહીં કરવાનું કહેનાર મુખ્યમંત્રી રૂપાણીએ ખેડૂતોને તેમની આવક ક્યારે બમણી થશે એ પણ જણાવવું જોઈએ. રાજકોટનો આજી ડેમ ભરવા કરોડોનું આંધણ કરી ચૂંટણી પ્રચાર કરનાર ભાજપે રાજ્યનાં કિસાનો પાણીનાં એક – એક બુંદ માટે ટળવળે, આર્થિક બેહાલ થાય તેવો કારસો ઘડ્યો છે. નર્મદા માટે હવે પાણી વગરની રૂપાણી સરકાર માટે કોંગ્રેસ સહિત રાજ્યભરનાં ખેડૂતો અને જનતા ટૂંક સમયમાં જ ગાંધી માર્ગે સત્યાગ્રહ કરી પોતાનું પાણી બતાવશે એમ ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

# ટેસ્ટી ડેરી સ્પેશિયાલિટીઝ લિમિટેડનો આઈપીઓ ૭ ફેબ્રુઆરી, ૨૦૧૮ના ખુલશે

કાનપુર સ્થિત ટેસ્ટી ડેરી સ્પેશિયાલિટીઝ લિમિટેડનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) બુધવાર, ૭મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ ખુલશે. આ પબ્લિક ઈશ્યુમાં રૂ. ૧૦ના ફેસ વેલ્યુના ૫૪,૩૦,૦૦૦ ઈક્વિટી શેરો હશે અને એકત્રિત રૂ. ૨૪૪૩.૫૦ લાખમાં ઈક્વિટી શેર દીઠ રૂ. ૪૫ની કિંમતે રોકડ માટે ઓફર કરાશે. આમાંથી ૫ ટકા શેરો માર્કેટ મેકર્સ માટે આરક્ષિત છે. આઈપીઓ ૭મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ સબ્ક્રિપ્શન માટે ખૂલશે અને ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના બંધ થશે. ઈશ્યુની લીડ મેનેજર માર્ક કોર્પોરેટ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ રહેશે. શેરો બીએસઈ એસએમઈ ઈમર્જ પર લિસ્ટેડ થશે.

ટેસ્ટી ડેરી સ્પેશિયાલિટીઝ લિમિટેડ હાલમાં સીઝનના સમયે બલ્ક મિલ્ક પ્રાપ્તિ અને હાથ ધરવા સાથે દૂધના પ્રોસેસિંગમાં સંકળાયેલી છે. જે મુખ્યત્વે જથ્થાબંધ અને સંસ્થાકીય ગ્રાહકોને સેવા આપે છે. કંપની મુલ્ય વર્ધિક દૂધ ઉત્પાદોમાં પણ સંકળાયેલી છે, જેમાં સ્કિમ્ડ દૂધનો પાઉડર, બટર, ઘી, ડેરી વ્હાઈટનર, કોન્સન્ટ્રેડેટ દૂધ વગેરેનો સમાવેશ થાય છે. આથી રિટેઈલ સેગમેન્ટમાં અમને મજબૂત પકડ મળી છે. હાલમાં કંપની ઉત્તર પ્રદેશમાં સ્થિત છે. જે ભારતમાં સૌથી વિશાળ દૂધ ઉત્પાદક રાજ્યમાંથી એક છે.

## લેયર કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તળાવોનો અભ્યાસ પણ કરવામાં આવ્યો હતો. પરંતુ હજુ સુધી તળાવની રોનક નિખરે તે દિશામાં કાંઈ થઈ શકયુ નથી. સે-૧ ના તળાવ વિકાસની યોજનાને પીકનીક સ્પોટ બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ હજુ આ યોજના પુર્ણ રીતે સાકાર થઈ નથી. ત્યારે તળાવમાં પાણી ટકે તે માટે શુ કરી શકાય તે માટે અગાઉ અધિકારીઓની બેઠક પણ યોજાઈ હતી. જેના અંતે વસ્ત્રાપુર તળાવની સ્થિતિનો પણ અભ્યાસ કરાયો હતો. જો કે તળાવના તળિયાને યોગ્ય કરવા માટે તંત્રએ નવી યોજના વિચારી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેમાં તળાવના તળિયામાં બ્લેક કોટન સોઈલનુ લેયર બનાવી સી સી કામ કરવા માટે પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ તળાવનુ કામ આગળ વધે તેવી શક્યતા છે. જયારે આ માટે કોર્પોરેશન કક્ષાએથી નાણાંકીય જોગવાઈ કરવામાં આવશે તેમ પણ મનાઈ રહયુ છે.

## તાલુકા પંચાયત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે. ભાજપે તાલુકા પંચાયત માટે કોઈ ઉમેદવારોની યાદી જાહેર નહિ કરવાનો નિર્ણય લીધો છે.

બંને પક્ષો આ ચૂંટણીમાં છાતી સરખા કાર્ડ રાખી અને ચૂંટણી પ્રક્રિયામાં આગળ વધી રહ્યા છે. લગ્નસરાની મોસમને લઈ ઉમેદવારો દ્વારા હજુ ઉમેદવારી નોંધાઈ નથી. ૭ અને ૮ ફેબ્રુઆરીના રોજ ઉમેદવારી પત્ર ભરવામાં ધસારો રહેશે તેમ મનાઈ રહ્યું છે. આ સ્થિતિને ધ્યાને રાખી ચૂંટણી અધિકારીઓની કચેરી પર ખાસ પોલીસ બંદોબસ્ત ગોઠવવાની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૮મી ફેબ્રુઆરી ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે. આ ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારો બહુ નહિ હોય તેવા અનુમાન સાથે ભાજપ - કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે તેમ લાગી રહ્યું છે.

## ધરાશાયી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શેર ટોપ ગેનર્સની યાદીમાં રહ્યા ન હતા. વેચવાલીની સ્થિતી રહી હતી. કોઈ પણ સેક્ટરમાં તેજી રહી નથી. આઈટી, બેકિંગ, ફાર્મા, ફાયનાન્સ સહિતના તમામ સેક્ટરોમાં વેચવાલી જારી રહી હતી. વર્ષ ૨૦૧૫ બાદથી પ્રથમ વખત ઈન્ટ્રા ડે દરમિયાન ૧૨૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો થયો હતો. મિડકેપ ઈન્ડેક્સ આજે ૧૯૦૦૦થી નીચે પહોંચ્યો હતો. સૌથી વધારે નુકસાન સવારમાં તાતા મોટર્સમાં રહી હતી. ગઈકાલે સોમવારના દિવસે શેરબજારમાં મંદીની સ્થિતી વચ્ચે વધુ ૩૧૦ પોઈન્ટનો કડાકો બોલી ગયો હતો. જેથી તેન સપાટી ઘટીને ૩૪૭૫૭ થઈ ગઈ હતી. આવી જ રીતે નિફ્ટી ૯૪ પોઈન્ટ ઘટીને ૧૦૬૬૭ની નીચી સપાટી પર રહ્યો હતો. છેલ્લા ત્રણ કારોબારી સેશનમાં ૧૭૧૧ પોઈન્ટનો ઘટાડો થઈ ચુક્યો છે. આવી સ્થિતીમાં કારોબારી હચમચી ઉઠ્યા છે. કેટલાક નિષ્ણાંતો તો અહીં સુધી કહી રહ્યા છે કે બજારમાં હજુ બે હજાર પોઈન્ટનો ઘટાડો થઈ શકે છે. શેરબજારમાં આજે સતત મંદીનો દોર જારી રહ્યો હતો. શેરબજારમાં આજે સતત મંદીનો દોર જારી રહ્યો હતો. બ્લેક ફ્રાઈડેની સ્થિતી રહ્યા બાદ આજે ધારણા પ્રમાણે જ બજાર ખુલતાની સાથે મંદીની શરૂઆત થઈ ગઈ હતી. સિપ્લા અને ઈસર મોટર્સ દ્વારા બુધવારના દિવસે તેમના પરિણામ જાહેર કરવામાં આવનાર છે. બીપીસીએલ, એચપીસીએલ, એમએન્ડએમ, ઓએનજીસી, એસબીઆઈ અને તાતા સ્ટીલ દ્વારા તેમના પરિણામ શુક્રવારે નવમી ફેબ્રુઆરીના દિવસે જાહેર કરવામાં આવનાર છે.નિફ્ટીમાં હજુ ઘટાડો થઈ શકે છે.

## હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા હતા જેમાં નાવિદે સુરક્ષા કર્મીઓ પાસેથી રાયફલ આંચકી લીધી હતી અને ગોળીબાર શરૂ કર્યો હતો. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે, લશ્કરના પાકિસ્તાની ત્રાસવાદી નાવિદ જટને વર્ષ ૨૦૧૪માં દક્ષિણ કાશ્મીરના પુલગામમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. તે ત્રાસવાદી શ્રીનગર સેન્ટ્રલ જેલમાં હતો. પોલીસ કર્મી પાકિસ્તાની ત્રાસવાદી નાવિદને તપાસ માટે હોસ્પિટલ લઈને આવ્યા હતા. તેજ ગાળા દરમિયાન તોઈબાના આતંકવાદીઓએ હુમલો કરી દીધો હતો. હોસ્પિટલમાં ત્રાસવાદી હુમલા દરમિયાન હુમલાખોરોની સાથે બચી ગયેલો ત્રાસવાદી નાવિદ ફરાર થવામાં સફળ રહ્યો હતો.

હુમલા દરમિયાન હોસ્પિટલની બહાર ભારે અંધાધૂંધી જોવા મળી હતી. કાકાસરાય વિસ્તારમાં હોસ્પિટલની બહાર જટ ઉર્ફે અબુ હંજલાને લઈ જતી પોલીસ ટુકડી ઉપર ગોળીબાર કરવામાં આવ્યો હતો. પોલીસ જવાન ઘટનાસ્થળે જ શહીદ થયો હતો. એક પોલીસ જવાનની કાર્બાઈન રાયફલ પણ લાપત્તા છે. પોલીસ ટુકડી છ ત્રાસવાદીઓને મહારાજા હરિસિંહ હોસ્પિટલમાં લઈને જઈ રહી હતી. એકાએક જ હુમલો કરવામાં આવ્યો હતો. ઉધમપુર ત્રાસવાદી હુમલામાં તેની સ્પષ્ટપણે સંડોવણી રહી હતી. આ ત્રાસવાદી હુમલાથી ફરી એકવાર ખળભળાટ મચી ગયો છે.

## અગ્નિ-૧... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છેલ્લુ પરીક્ષણ ૧૧મી સપ્ટેમ્બર ૨૦૧૪ના દિવસે કરવામાં આવ્યું હતું જે સફળ રહ્યું હતું. ૧૨ ટન વજન ધરાવતી અને ૧૫ મીટરની લંબાઈ ધરાવતી અગ્નિ-૧ મિસાઈલ પોતાની સાથે એક ટનથી વધુ પેલોડ લઈને ત્રાટકવામાં સક્ષમ છે. પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે મોટી સંખ્યામાં સંરક્ષણ નિષ્ણાતો ખાસરીતે ઉપસ્થિત રહ્યા હતા. ભારતે હાલમાં મિસાઈલ પરીક્ષણોનો દોર જારી રાખ્યો છે. પ્રવર્તમાન આતંકવાદી હુમલાની દહેશત વચ્ચે ભારતે વ્યૂહાત્મક હિલચાલના ભાગરુપ મિસાઈલના પરીક્ષણ કર્યા છે. અત્રે નોંધનીય છે કે, ૧૮મી જાન્યુઆરીના દિવસે ભારતે ખુબ જ શક્તિશાળી અતિ આધુનિક પરમાણુ સક્ષમ અગ્નિ-૫ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલનુ સફળ પરીક્ષણ કરીને તેની તાકાતનો પરિચય ફરી એકવાર આપ્યો હતો.

ઓરિસ્સાના દરિયાકાઠા પર અબ્દુલ કલામ આઈલેન્ડથી આ મિસાઈલનુ પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. આની સાથે જ સ્ટ્રેટેજિક ફોર્સ કમાન્ડમાં તેના સમાવેશની દિશામાં પણ ભારતે મોટુ પગલુ લીધુ હતું. મિસાઈલની વિશેષતા પણ અનેકગણી રહેલી છે. આ મિસાઈલ અવાજ કરતા પણ ૨૪ ગણી વધુ ઝડપથી ત્રાટકી શકે છે. ૫૦ ટન વજન મિસાઈલનું રહેલું છે. અગ્નિ-૫નું અંતિમ ટેસ્ટ ૨૬મી ડિસેમ્બર ૨૦૧૬ના દિવસે કરાયું હતું તે પહેલા ૧૯મી એપ્રિલ ૨૦૧૨ના દિવસે પ્રથમ પરીક્ષણ, ૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૩ના દિવસે બીજુ પરીક્ષણ અને ૩૧મી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે ત્રીજુ પરીક્ષણ કરાયું હતું.

## સરહદ પર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અત્રે નોંધનીય છે કે, સરહદ ઉપર હાલ પાકિસ્તાન દ્વારા સતત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવી રહ્યો છે. ગઈકાલે પાકિસ્તાને ગોળીબાર કરવાની સાથે સાથે નાની મિસાઈલો પણ ઝીંકી હતી. જેમાં સેનાના ૨૩ વર્ષીય કેપ્ટન કપિલ કુન્ડુ પણ ત્રણ જવાન સાથે શહીદ થયા હતા. પાકિસ્તાને એન્ટી ગાઈડેડ મિસાઈલો પણ ઝીંકી હતી. તેનો ઉપયોગ બંકર ફુંકી મારવા માટે કરવામાં આવે છે. પાકિસ્તાની સેના દ્વારા આ દુસાહસ કરવામાં આવ્યા બાદ ભારતીય સેના જવાબી કાર્યવાહી કરવાની તૈયારીમાં છે.

ફાયરિંગને ધ્યાનમાં લઈને સેનાએ સરહદી વિસ્તારોમાં ૮૪ સ્કુલોને ત્રણ દિવસ માટે બંધ કરી દેવાના આદેશ જારી કરી દીધા છે. જમ્મુ કાશ્મીરના ગ્રામીણ વિસ્તારોમાં સ્કૂલો બંધ થવાના કારણે શિક્ષણ વ્યવસ્થાને માઠી અસર થઈ છે. આ વર્ષે પાકિસ્તાન દ્વારા સરહદ ઉપર આ વર્ષે ૨૦૧૮માં જમ્મુ કાશ્મીરમાં પાકિસ્તાને વારંવાર ગોળીબાર જારી રાખ્યો છે. ૧૮મી જાન્યુઆરીથી લઈને છઠ્ઠી ફેબ્રુઆરી વચ્ચેના ગાળામાં પુચ અને રાજોરી જિલ્લામાં અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહહ પર વારંવાર ગોળીબાર કર્યો છે. જેના કારણે સરહદી વિસ્તારમાં વ્યાપક અંધાધુંધી રહી છે. જમ્મુ, કથુઆ, અને સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા પર વારંવાર ગોળીબાર કર્યો છે. જેમાં આઠ નાગરિક સહિત ૨૦ લોકોના મોત થયા છે અને ૮૦ લોકો ઘાયલ થયા પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામનો કોઈ ભંગ કરાયો નથી તેવો દાવો પણ પાકિસ્તાન દ્વારા કરવામાં આવ્યો છે.